ભિલોડામાં આગ ઝરતી ગરમીનો પ્રકોપ વધતાં જનજીવન ખોરવાયું

ભિલોડા,તા.૩૦

ભિલોડા તાલુકામાં આગ ઝરતી ગરમીનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતાં જનજીવન ખોરવાયું છે.પ્રજાજનો પરસેવાથી રેબઝેબ થઈ રહ્યા છે.અબોલા પશુ-પંખીઓની દયનીય હાલત જોવા મળી રહી છે.ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમી દરમ્યાન લું થી બચવા લોકોને કામ સિવાય બહાર ન નીકળવા હવામાન વિભાગ ધ્વારા સલાહ અપાઈ છે.હજુ ગરમીનો પારો વધશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.ગરમીનું તાપમાન હાલના તબક્કે ૪૨ ડીગ્રી સુધી પહોંચી ગયું છે ત્યારે હીટવેવની અસર ઠેર-ઠેર જોવા મળી છે.

ઈડરમાં આગ ઝરતી ગરમીનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતાં જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે.ભિલોડા સહિત વિવિધ વિસ્તારોમાં માર્ગો ઠેર-ઠેર સુમસામ ભાસી રહ્યા છે.બજારોમાં બપોરે કરફ્યું જેવો માહોલ જોવા મળી રહ્યો છે.અસહ્ય કાળઝાળ ગરમીમાં શેકાતાં પ્રજાજનો પરસેવાથી રેબઝેબ થઈ રહ્યા છે.ઉનાળાની ઋતુ દરમ્યાન અસહ્ય કાળઝાળ ગરમીનો પ્રકોપ

દિન-પ્રતિ-દિન વધતાં ગરમીને લીધે વાતાવરણમાં ભેજના પ્રમાણમાં ઘટાડો નોંધાયો છે.મે મહિનામાં કાળઝાળ ગરમીનું પ્રમાણ હજુ પણ વધશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.સુર્યનારાયણ જાણે કે ગરમીનો રેકોર્ડ તોડવાના મુડમાં હોય તેમ ગરમીનો પારો એકા-એક ઉંચકાતાં આકાશમાંથી વરસતી અગનજવાળાઓને લીધે અગનભઠ્ઠીમાં ફેરવાતાં પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.દેહ દઝાડતી ગરમીને પગલે પ્રાઈવેટ અને સરકારી હોસ્પિટલોમાં સનસ્ટ્રોક,ઈમરજન્સી કેસોમાં વધારો નોંધાયો છે.

અબોલા પશુ-પંખીઓ માટે બળબળતી બપોરે આશ્રયનો વિકલ્પ શોધવો મુશ્કેલ બની રહેતાં હાલત દયનીય છે.હોટ સીટી તરીકે ફેમસ ઈડરમાં ગરમીનો પારો એકા-એક વધતાં હીટવેવની અસર ઠેર-ઠેર જોવા મળી રહી છે.

ગરમીનો પારો એકા-એક વધતાં નિષ્ણાંત તબીબો પાણી,લીબું શરબત,છાશ પીવાની સલાહ આપી રહ્યા છે.ગરમીનું પ્રમાણ વધતાં સેવાભાવી લોકો ધ્વારા પાણીની અને છાશની પરબો શરૂ કરી છે.

ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરોને કારણે દિન-પ્રતિ-દિન ગરમીનો પારો વધતાં પ્રજાજનો ભારે મુંઝવણમાં મુંકાયા છે. આગામી દિવસોમાં ૪૫ ડીગ્રી સુધી ગરમીનો પારો રહે તેવી શક્યતા છે. પાણીજન્ય રોગો થવાની વધુ સંભાવના છે. બિન આરોગ્યપ્રદ ઠંડા પીણા પીવાથી અનેક રોગોને નોતરૂ મળે છે. શરબત,છાશ જેવા ઠંડા પીણાંની બનાવટમાં વપરાતાં બિન આરોગ્યપ્રદ પાણીને કારણે બિમારીઓનું પ્રમાણ વધે તેવી સંભાવના છે. જેમાં ખાસ કરીને ઉલટી, ઝાડા થવાની સંભાવના વધુ હોય છે.બિનઆરોગ્યપ્રદ પાણીને કારણે મરડો થવાની સંભાવના વધી જાય છે.પાણીજન્ય રોગોની સાથે-સાથે મરડાના,ડાયેરિયાના દર્દીઓની સંખ્યા દવાખાનાઓમાં વધુ હોય છે.

પ્રાંતિજ ખાતે આઠ કરોડના ખર્ચે તૈયાર થયેલ રોડ વચ્ચે નાખવામાં આવેલ સ્ટ્રીટ લાઈટોમાં હજુ ધાંધીયા

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ત્રણ રસ્તાથી રેલ્વેસ્ટેશન સુધી આઠ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ રોડ વચ્ચે નાખવામાં આવેલ સ્ટ્રીટ લાઈટો ચાર દિન કિ ચાંદની ફીર અંધેરા હી અંધેરા જેવી સ્થિતિ પેદા થઈ છે તો નગરજનો દ્વારા આરબી ચાલું નતી કરી તે પહેલાં દોરા ચોરોનો ત્રાસ વધ્યો હતો. સ્ટ્રીટ લાઈટો ચાલુ થતાં રાત્રીના સમયે પ્રકાશ ફેલાયેલો હોવાથી ત્યાંથી અવરજવર કરતાં લોકો સહિત નગરજનોમાં પણ ખુશી જોવા મળી હતી. પણ હાલ અમુક અમુક અંતરે એક પછી એક લાઈટો બંધ હોવાથી વચ્ચે વચ્ચે અંધકાર પડી જતાં અંધારપટ

વિભાગમાં ફરીયાદ કરતાં બે અઠવાડિયા પછી પણ ના થતાં રાત્રીના સમયે અવર જવર કરતાં નગરજનોમાં અંધારપટને લઈને ભયનો માહોલ જોવા મલ્યો છે.

પ્રાંતિજ ત્રણ રસ્તાથી રેલ્વે સ્ટેશન સુધી આઠ કરોડના ખર્ચે અદ્યતન રીતે બનાવવામાં આવેલ રોડની વચ્ચે નાખવામાં આવેલ સ્ટ્રીટ લાઈટો નાખવામાં આવી છે. ક્યારની એ નાખવામાં આવેલ સ્ટ્રીટ લાઈટો દોડ મહિના અગાઉ ચાલુ કરવામાં આવી હતી અને આ મેઈનરોડ હોવાથી રાત્રીના સમયે ગરમીને લઈને લોકો અંહી ફરવા નિકળે છે. બીજીબાજુ દોડ એક મહિના પહેલાં સ્ટ્રીટ લાઈટો છવાયો છે. આ અંગે નગરજનોએ આરબી વિભાગના ઈલેટ્રીકલ વિભાગમાં જાણ કરતાં કાલનું આજને આજનું કાલ કરવામાં આવે છે. છેલ્લાં બે અઠવાડિયાથી સ્થિતિ જેસે થે ની છે તો કહેવામાં આવે છે કે ચાલું થઈ જશે તો એક વર્ષ માટે સ્ટ્રીટ લાઈટની જવાબદારી પાવરટેક કંપનીની હોવા છતાં આજનું કાલ અને કાલનું આજ જવાબો મળે છે ત્યારે હાલ તો આઠ કરોડના રોડની વચ્ચે નાખવામાં આવેલ સ્ટ્રીટ લાઈટો અમુક-અમુક વિસ્તારમાં બંધ રહેતાં અંધારપટ છવાયો છે અને કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ સુવિધા ઉપર હાલ તો પાણી ફરી વળ્યું હોય તેમ જણાઈ આવે છે.

ગુજરાતની ગૌરવશાળી ૧૭ પ્રતિભાઓનું સન્માન

ગાંધીનગર, તા. ૩૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, ગુજરાતની સ્થાપનાથી આજદિન સુધી ગુજરાતે પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને વિકાસના નૂતન શિખરો હાંસલ કરી દુનિયાના નકશા પર આગવું સ્થાન અંકિત કર્યું છે.

દેશ અને દુનિયામાં ગુજરાતને ગૌરવ અપાવનાર વિવિધ ક્ષેત્રની ૧૭ પ્રતિભાઓનું મંતવ્ય ફાઉન્ડેશનના ઉપક્રમે જાહેર સન્માન કરતાં તેમણે જણાવ્યું કે, એવોર્ડ વિજેતાઓના પરિશ્રમ, ગુજરાતીઓના અડીખમ આત્મવિશ્વાસ અને કદી ન ઝૂકવાની ઝુઝારૂ વૃત્તિના કારણે ગુજરાતે વિકાસના દરેક ક્ષેત્રમાં નવા કિર્તિમાનો કંડાર્યા છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાત સ્થાપના દિવસની ઉજવણીના આગલા દિવસે યોજાયેલા આ અભિનવ કાર્યક્રમમાં ગુજરાતને ગૌરવ અપાવનાર મહાનુભાવોનું સન્માન કરતાં સમગ્ર ગુજરાત ગૌરવ અનુભવે છે.

મંતવ્યના સી.એમ.ડી.

જીજ્ઞેશ પટેલે સ્વાગત પ્રવચન કરી મંતવ્ય ફાઉન્ડેશન દ્વારા કરાતા કાર્યોની રૂપરેખા આપી હતી. મંતવ્ય ફાઉન્ડેશનના કાર્યો વિશેની દૃશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિ પણ આ અવસરે રજૂ કરવામાં આવી હતી. મંતવ્ય ચેનલના પદ્મકાંત ત્રિવેદીએ આભારવિધિ કરી હતી.

આ સન્માન સમારોહમાં મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલ, નાફસ્કોમના દિલીપભાઈ સંઘાણી, બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, જી.ટી.પી.એલ.ના કનકસિંહ રાણા, ઓ. એન. જી. સી.ના એસેટ મેનેજર દેબાશિષ બાસુ, મંતવ્ય ફાઉન્ડેશનના પ્રમુખ રાકેશભાઈ પટેલ, મંતવ્ય ફાઉન્ડેશનના સભ્યો તથા ગુજરાતના ગણમાન્ય નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત કરનારાઓમાં સર્વ ડૉ. એચ.એલ. ત્રિવેદી (આરોગ્ય), જય વસાવડા (સાહિત્ય), શ્રીમતી કાનુબેન પટેલ (સ્ત્રી સશક્તિકરણ), શ્રીમતી હંસાબેન પટેલ (કોટેજ ઈન્ડસ્ટ્રી), કનુભાઈ ટેલર (સમાજ સેવા), અનિલ બકેરી (રીયલ એસ્ટેટ), આર.એસ. સોઢી (સહકારી ક્ષેત્ર), પરિમલ નથવાણી (બીઝનેસ આઈકોન), ડૉ. કે.એલ. મહેતા (ફાર્માસ્યુટીકલ્સ), કૌતિક શાહ (ઈકો ફ્રેન્ડલી હાઉસીંગ), રાકેશભાઈ પટેલ (શિક્ષણ ક્ષેત્ર), અભિષેક દેસાઈ સ્ટાર્ટઅપ (ક્રિકહિરોઝ), પંકજ દાણીધરીયા (મોબાઈલ નેટવર્ક), જયપ્રકાશ પટેલ (રમત ગમત), રૂજુલ વોરા (પર્ફોમીંગ આર્ટસ), દિવ્યાંગ ગાંધી (દિવ્ય ઈમીગ્રેશન), વિરલ જયસ્વાલ (ડિસ્ટન્સ લર્નિંગ સર્વિસ)નો સમાવેસ થાય છે.

મોડાસાની બી-કનઈ સ્કૂલવાનનો દસ દિવસથી

અગમ્ય કારણોસર પીછો કરતા લબરમૂછિયા યુવાનને વાલીઓએ પકડી પોલીસને સોંપ્યો

વાલીઓએ વોચ ગોઠવી પકડી મેથીપાક ચખાડ્યો અને ૪ યુવાનો પણ પીછો કરતા હોવાનો દાવો

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ગુન્હાખોરીની ઘટનાઓ અને અસામાજિક તત્વો ની હેરાનગતિમાં વધારો જોવા મળી રહ્યો છે. મોડાસા શહેરની સબલપુર નજીક આવેલી બી-કનઈ સ્કૂલમાં અભ્યાસ કરતા લઘુમતી સમાજના બાળકોની સ્કૂલવાનને છેલ્લા કેટલાક દિવસથી ૨-૪ લબરમૂછિયા યુવાનો મોડાસા ડીપ વિસ્તાર અને ચાર રસ્તાથી અગમ્ય કારણોસર અલગ-અલગ દ્રિ-ચક્રીય વાહનોમાં પીછો કરતા સ્કૂલવાનમાં બેઠેલા બાળકોને આ વાત ધ્યાને આવતા તેમના વાલીઓને આ અંગે ધ્યાન દોરતા વાલીઓ ચિંતિત બની ફફડી ઉઠ્યા હતા. આ અંગે બાળકોના વાલીઓએ એકઠા મળી પીછો કરનાર યુવાનોને ઝડપી પાડવા વોચ ગોઠવાતા સોમવારે દુધરવાડા ચોકડી નજીકથી સ્કૂલવાનનો પીછો કરતા એક્ટિવા સાથે એક યુવકને ઝડપી પાડી મેથીપાક ચખાડી મોડાસા ટાઉન પોલીસને સોંપતા પોલીસે યુવાનને હવાલાતમાં ખસેડી વાલીઓની જાણવાજોગ ફરિયાદ લઈ યોગ્ય કાર્યવાહી કરવાની હૈયા ધારણા આપતા મોટી સંખ્યમાં મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને દોડી આવેલા વાલીઓનો રોષ ઠંડો પડ્યો હતો.

મોડાસા બી-કનઈ સ્કૂલમાં અભ્યાસ કરતા લઘુમતી વિસ્તારના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ મારૂતીવાનમાં અવર-જવર કરે છે ત્યારે છેલ્લા કેટલાક દિવસથી એક યુવાન અન્ય યુવાનો સાથે મળી અગમ્ય કારણોસર બાઈક અને એક્ટિવા જેવા અલગ-અલગ દ્રિ-ચક્રીય વાહનોમાં પીછો કરતા સ્કૂલવાનમાં રહેલા બાળકો ફફડી ઉઠ્યા હતા અને આ અંગે બાળકોએ તેમના ઘરે વાત કરતા બાળકોના વાલીઓ ચોકી ઉઠ્યા હતા અને અંગે બી-કનઈ સ્કૂલના પ્રિન્સિપાલને પણ જાણ કરી હતી અને પીછો કરતા યુવાનોને ઝડપી પાડવા વાલીઓએ એકઠા થઈ ચાર રસ્તા, બસ સ્ટેન્ડ અને ડીપ વિસ્તારમાં વોચ ગોઠવાતા સ્કૂલવાનનો પીછો કરતા એક્ટિવા ચાલાક લબરમૂછિયા યુવાને ડુધરવાડા ચોકડી નજીકથી ઝડપી પાડવામાં સફળતા મળતા વાલીઓએ મેથીપાક ચખાડી એક્ટિવા સાથે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનને સોંપી દીધો હતો મોડાસા ટાઉન પોલીસે વાલીઓની જાણવાજોગ ફરિયાદ નોધી સ્કૂલવાન ચાલકની પૂછપરછ કરી એક્ટિવા ચાલાક યુવાન જ પીછો કરતો હોવાનું જણાવતા શહેરમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસી યોગ્ય કાર્યવાહી કરવાની હૈયાધારણા આપતા મોટી સંખ્યામાં મોડાસા પોલીસ સ્ટેશનમાં ધસી આવેલા વાલીઓ અને લઘુમતી સમાજના લોકોનો ઉગ્ર રોષ ઠારવામાં સફળતા મળી હતી.

મોડાસાની ફૈઝે રસુલ સોસાયટીના બે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી દોઢ લાખથી વધુની ચોરીને અંજામ

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં ચોર લૂંટારુ ગેંગ બેફામ બની મકાનો અને ધંધા રોજગારના સ્થળોને નિશાન બનાવી ચોરી લૂંટની ઘટનાઓને અંજામ આપી ખાખી વર્દીને ચેલેન્જ આપી રહ્યા હોય તેમ દિન પ્રતિદિન નોંધપાત્ર લૂંટની ઘટનાઓ સામે આવી રહી છે. મોડાસા શહેરની ફૈઝે રસુલ સોસાયટીમાં બે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી દોઢ લાખથી વધુની લૂંટ ચલાવી ફરાર થઈ જતા લઘુમતી વિસ્તારમાં ફફડાટ ફેલાયો છે. મોડાસા ટાઉન પોલીસે મકાનમાલિકની જાણવાજોગ ફરિયાદના આધારે ચોર-લૂંટારુ ગેંગને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. મોડાસા શહેરના લઘુમતી વિસ્તારમાં આવેલી ફૈઝે રસુલ સોસાયટીમાં રહેતા મોં.જમાલ પટ્ટીવાલા રવિવારે ખરીદી અર્થે અમદાવાદ જતા તેમના બંધ મકાનને રવિવારે રાત્રીના સુમારે તસ્કરોએ ઘરના દરવાજાનું લોક તોડી ઘરમાં પ્રવેશી તિજોરીમાં રહેલા ૫૦ હજાર રોકડા, સોના-ચાંદીના દાગીના, લેપટોપ, કિંમતી ઘર વખરી અને ડોકયુમેન્ટ્સ સહીત દોઢ લાખથી વધુના મુદ્દામાલની ચોરી કરી લૂંટારુ ગેંગ આટલેથી ન અટકતા ઘરમાં રહેલા રાચરચીલાની તોડફોડ કરી ગાદલા પણ ફાડી નાખી નુકસાન કરી બાજુમાં આવેલા અન્ય અમદાવાદ રહેતા મુસ્તુફાભાઈ મેઘરજા ના બંધ મકાનને નિશાન બનાવી લૂંટ ચલાવી ઘરમાં તોડફોડ કરી ફરાર થઈ જતા બંને મકાનના તાળા તૂટેલા જોતા પાડોશીઓએ

મકાનમાલિકને જાણ કરતા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં તાબડતોડ ઘરે પહોંચી ચોરી થયાનું માલુમ પડતા ચોરીની ઘટના અંગે જાણ કરતા મોડાસા ટાઉન પોલીસે જાણવાજોગ ફરિયાદના આધારે તપાસ હાથ ધરી હતી.

હચમચ્યું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાબુલ પોલીસ પ્રમુખ દાઉદ અમીને કહ્યું કે પહેલા બોમ્બ બ્લાસ્ટના લગભગ અડધા કલાક બાદ બીજો બ્લાસ્ટ થયો હતો. પહેલો બ્લાસ્ટ કવર કરવા માટે એકત્ર થયેલા રિપોર્ટર્સના એક સમૂહની પાસે બીજો બ્લાસ્ટ થયો હતો. કાબુલ પોલીસના પ્રવક્તાએ જણાવ્યું કે, શરૂઆતની જાણકારી મુજબ બીજો બ્લાસ્ટ પણ એક આત્મઘાતી હુમલો હતો. હુમલાખોરે તે વિસ્તારમાં પહોંચવા માટે પોતે રિપોર્ટર હોવાનું જણાવ્યું હતું અને તેની સાથે એક કેમેરો હતો. હજુ સુધી કોઈપણ આતંકીવાદી સંગઠને આ હુમલાની જવાબદારી લીધી નથી.

એએફપી દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે આ વિસ્ફોટમાં અહીંના એક ફોટોગ્રાફર શાઈ મરાઈનું મોત થઈ ગયું છે. કોબુલ પોલીસે એએફપીને જણાવ્યું કે, આ વિસ્ફોટમાં પત્રકાર સહિત ૨૧ના મોત થયા છે અને ઘણાં લોકો ઘાયલ થયા છે. પોલીસના જણાવ્યા પ્રમાણે મૃત્યુ આંકમાં વધારો થઈ શકે છે.

લાલઘૂમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એમ્સે કહ્યું છે કે, આરજેડી વડાની તબિયત હવે બિલકુલ ઠીક થઈ ચુકી છે જેથી તેમને ફરીથી રાંચી મેડિકલ કોલેજમાં મોકલવામાં આવી રહ્યા છે. તબીબોનું કહેવું છે કે, લાલૂ યાદવ પ્રવાસ કરવા માટે પણ ફિટ છે. હોસ્પિટલની આ પ્રતિક્રિયા સામે લાલૂએ નારાજગી વ્યક્ત કરી છે. તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા લાલૂએ દાવો કર્યો હતો કે, આ રાજકીય દ્વેષભાવથી કરવામાં આવેલી કામગીરી છે. તેમના જીવન સામે ખતરો રહેલો છે.

આ હિલચાલને અયોગ્ય તરીકે ગણાવીને લાલૂએ કહ્યું હતું કે, આ એક રાજકીય કાવતરું છે. તેમને એવી જગ્યા પર મોકલવામાં આવી રહ્યા છે જ્યાં ખુબ ઓછી સુવિધા રહેલી છે. આરજેડીએ પણ આ ઘટનાક્રમને લઈને નારાજગી વ્યક્ત કરી છે. લાલૂએ આને રાજકીય બદલાની ભાવના તરીકે ગણાવી છે. આરજેડીના વડાએ એમ્સ વહીવટીતંત્રને પત્ર લખીને ડિસ્ચાર્જ ન કરવા માટે કહ્યું હતું. લાલૂ યાદવની તબિયત સુધરતા તેમને રજા આપવામાં આવી છે. લાલૂનું કહેવું છે કે, તેમની સામે રાજકીય કાવતરુ ઘડવામાં આવી રહ્યું છે. જો કંઈ થશે તો આના માટે સરકાર જવાબદાર રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દબાણ હેઠળ તેમને એમ્સમાંથી રજા આપવામાં આવી છે. તેઓ સંપૂર્ણપણે ફિટ નથી. ફિટ થયા વગર જ તેમને રિમ્સ મોકલવામાં આવી રહ્યા છે. લાલૂએ પત્રમાં કહ્યું છે કે, તેઓ રાંચી હોસ્પિટલમાં જવા ઈચ્છુક નથી. કારણ કે, ત્યાં તેમની સારવાર થઈ શકશે નહીં. પત્રમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે, તેમને રજા આપવાની તૈયારી ચાલી રહી હતી. તેમને હાર્ટ, કિડની, સુગર અને અન્ય કેટલીક બિમારીઓ રહેલી છે. લાલૂએ એમ્સ તંત્રને લખેલા પત્રમાં જુદી જુદી બિમારીઓનો ઉલ્લેખ કર્યો હતો. એમ્સે સ્પષ્ટતા કરી છે કે, લાલૂની તબિયત હવે બિલકુલ સ્વસ્થ છે.

ફેરફાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કવિન્દ્ર ગુપ્તાને કેબિનેટ મંત્રી તરીકે શપથ લેવડાવ્યા હતા. નિર્મલસિંહના નાયબ મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપી દીધા બાદથી તેમના નામને લઈને ચર્ચા ચાલી રહી હતી. કવિન્દ્ર ગુપ્તા હવે નાયબ મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે. મહેબુબા મુફ્તીના નેતૃત્વમાં પીડીપી-ભાજપ સરકારમાં કવિન્દ્ર ગુપ્તા નાયબ મુખ્યમંત્રી બનશે. કવિન્દ્ર ગુપ્તા રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ તરીકે છે. રાજ્યમાં મુખ્યમંત્રી સહિત ૨૫ પ્રધાનો મહત્તમ રહી શકે છે જે પૈકી પીડીપીના ૧૪ ખાતાઓ છે. બાકીના ભાજપ પાસે છે. આઠ પ્રધાનો આજે કેબિનેટમાં સામેલ કરવામાં આવ્યા હતા જે પૈકી સાત નવા ચહેરા છે. ભાજપના રાજ્ય એકમના વડા સતપાલ શર્માએ પ્રધાન તરીકે શપથ લીધા હતા. સુનિલ કુમાર શર્મા, રાજીવ જસ રોટિયા, દેવેન્દ્રકુમાર મનિયાલ, શક્તિરાજ પરિહારે ભાજપ તરફથી પ્રધાન તરીકે શપથ લીધા હતા જ્યારે મોહમ્મદ ખલીલ અને મોહમ્મદ અશરફ મીરે પીડીપી તરફથી શપથ લીધા હતા. રાજ્ય વિધાનસભાના સ્પીકર રહેલા કવિન્દ્ર ગુપ્તાએ કહ્યું હતું કે, તેમને મોટી જવાબદારી મળી ગઈ છે. જમ્મુ કાશ્મીર અને લડાખના લોકો માટે કામ કરતા રહેશે.

અગનગોળા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાપમાન ૪૨.૫ ડી ગ્રી નોંધાતા નગરજનોએ અસહ્ય ગરમીગરમીનો એહસાસ કર્યા હતો. જયારે આજે પણ ગરમીનો પારો સતત ઉંચે ચઢતા મોસમની સૌથી વધુ ગરમી નગરજનોએ અનુભવી હતી. ગરમીનો પારો ૪૩ ડી ગ્રી સુધી પહોંચી જતા ઉનાળાની અત્યાર સુધીની સૌથી વધુ ગરમીથી શહેરીજનો આકુળ વ્યાકુળ બની ગયા હતા. સવારથી જ વાતાવરણમાં ગરમીએ ઉગ્ર મિજાનો પરચો આપી દીધો હતો. જયારે બપોર થતા માથે તપતા સુરજે આકાશમાંથી અંગારા વરસાવતા નગરજનો બેચેની અનુભવી રહયા હતા. રવિવારની રજા બાદ સોમવારે ચાલુ દિવસ હોવાછતા સરકારી કચેરીઓમાં પણ મુલાકાતીઓની વિશેષ અવરજવર જોવા મળી ન હતી. જયારે નગરના શોપિંગ બજારોમાં પણ દિવસ દરમિયાન સતત ખાલીપો જોવા મળ્યો હતો. ગરમીએ સૌ કોઈને પ્રભાવિત કરતા શહેરનુ જનજીવન પણ સુન્ન પડી ગયુ હતુ. દિવસે ઘરમાં પુરાયેલા નગરજનો રાત્રિના સમયે હળવી ઠંડકમાં લટાર મારવા નિકળી પડયા હતા. લઘુત્તમ તાપમાન પણ ૨૬ ડી ગ્રી એ રહેતા રાત્રિના પણ ગરમીની અસર વર્તાઈ હતી. હીટવેવથી બચવા બહાર નિકળતા વાહનચાલકો પણ બુકાનીમાં જોવા મળ્યા હતા. શહેરમાં સતત વધતી ગરમીની સાથે આજે સિઝનનુ મહત્તમ તાપમાન નોંધાયુ હતુ. ગરમીએ નગરને બાનમાં લેતા નગરજનો તોબા પોકારી ગયા હતા.

પગલા પાડ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બ્રહ્મસમાજના અગ્રણીઓ હાજર રહયા હતા. બે દિવસ દરમિયાન પ્રથમ દિવસે ભજન સંધ્યાનો પણ ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જયારે સવારે અને સાંજે સમુહ બ્રહ્મભોજનનો પણ સૌએ લાભ લીધો હતો. વિશાળ મંડપ વચ્ચે વર કન્યા માટે લગ્નની ચોરી તેમજ બટુકો માટે પણ યજ્ઞોપવિત માટે ભવ્ય મંડપમાં માંડવા મુહુર્ત અને ગણેશ સ્થાપન બાદ શાસ્ત્રોકત રીતે વિધિ યોજવામાં આવી હતી. જયારે સમુહલગ્ન અન્વયે ૧૧ નવયુગલોને લગ્નગ્રંથિથી જોડવાનુ ઉમદા કામ કરવામાં આવ્યુ હતુ. રાસગરબાના ભવ્ય કાર્યક્રમ બાદ બીજા દિવસે બટુકોની યજ્ઞોપવિત વિધી કરવામાં આવી હતી. બટુકો પર પુષ્પ વર્ષા કરી આ પવિત્ર અવસરે આર્શીવચન પાઠવ્યા હતા. જયારે બટુકો યાત્રામાં પણ બ્રહ્મબંધુઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

રોશનીથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વૃક્ષોમાં પણ કલરફુલ લાઈટીંગ સાથે અવનવા આકર્ષણો ઉભા કરવામાં આવે છે . તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના અભિગમને વેગ આપવા ગાંધીનગરની સુંદરતામાં વધારો કરવા માટે તંત્ર દ્વારા શહેરમાં અમુક નિયત પોઈન્ટ પર કાયમી રોશની કરવા ઉપરાંત અવનવી ડીઝાઈન સાથે લાઈટીંગ કરીને સુંદરતા નિખારવા માટે આયોજન કરવામાં આવી રહયુ છે. જેમાં વિધાનસભા સંકુલમાં સ્થિત મહાત્મા તેમજ વિઠલભાઈ પટેલ તેમજ સરદાર પટેલની પ્રતિમા હાલ રાત્રિના સમયે સ્પષ્ટ દેખાતી નથી જેને ધ્યાને લઈ વિશિષ્ટ પ્રકારની લાઈટીંગ કરી આ પ્રતિમાને રાત્રિના સમયે પણ નજરમાં આવે તેવુ આયોજન પણ કરવામાં આવી રહયુ છે. આ ઉપરાંત શહેરના જાહેર સ્થળો પર લાઈટીંગ કરીને સુંદરતા નિખારવામાં આવશે. જો કે હજુ આ મામલે શહેરમાં વિવિધ સ્થળો નક્કી કરાયા બાદ બ્યુટીફિકેશનની યોજનાને વેગ અપાશે.

માફીની યોજના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ અંગે વિગતો આપતા ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના ઊર્જા વિભાગ દ્વારા તા. ૨૫.૪.૨૦૧૮ના ઠરાવથી આ યોજનાના અમલીકરણ માટેની જાહેરાત કરવામાં આવેલ છે. જે મુજબ ઘર વપરાશના વીજ ગ્રાહકો જો ઠરાવની તારીખથી ૩ માસની અંદર મૂળ રકમ ભરી દે તો મૂળ રકમમાં ૫૦ ટકા માફી અને વ્યાજ ભરપાઈ કરવામાંથી સંપૂર્ણ માફી અપાશે. ખેતીવાડી ગ્રાહકોને પણ આ જ પ્રકારે જો ૩ માસની અંદર મૂળ રકમ ભરી દે તો મૂળ રકમમાં ૫૦ ટકા માફી અને વ્યાજ ભરપાઈ કરવામાંથી સંપૂર્ણ ભરે તો વ્યાજમાં પુરેપુરી માફી મળશે. આ યોજના તા. ૩૧.૮.૨૦૧૭ કે તે પહેલાના કાયમી ધોરણે બંધ થયેલા તથા જેમની બાકી નીકળતી મૂળ રકમ ૧ કરોડ કે તેથી ઓછી હોય તેવા તમામ વીજ જોડાણોને લાગુ પડશે. જે વીજ જોડાણોના બાકી રકમ માટેના દવાઓ કોર્ટમાં પડતર હોય તેવા વીજ ગ્રાહકોને પણ આ યોજનાનો લાભ મળી શકશે. પરંતુ કોર્ટ દ્વારા ચુકાદો આવી ગયેલ હોય તેવા વીજ ગ્રાહકોને પણ આ યોજનાનો લાભ મળી શકશે પરંતુ કોર્ટ દ્વારા ચુકાદો આવી ગયેલ હોય તેવા વીજ જોડાણો માટે આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે નહિ તેમજ બે કે તેથી વધુ વખત વીજ ચોરીમાં પકડાયેલ વીજ ગ્રાહકો બિન ગ્રાહકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે નહિ.